190-160-07-2014

# ગુજરાત યુનિવર્સિટી

નં.જન.યુ.જી.સી./બિલ્ડીંગ/૫૭૯૩૫/૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯
તા.૦૯-૦૭-૨૦૧૪

**પરિપત્ર:**

પ્રતિ
યુનિવર્સિટી સંલગ્ન ૨(એફ)/૧૨બી રજીસ્ટર્ડ કોલેજોના આચાર્યશ્રીઓ
તરફ જાણ તથા ઘટતું કરવા અર્થે.................

બાબત: યુ.જી.સી.૧૨માં પ્લાનની બિલ્ડીંગ ગ્રાન્ટ અંગેની સમિતિમાં
યુનિ.પ્રતિનિધિના નામ બાબત.

શ્રીમાન/બહેનશ્રી,

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં જણાવવાનું કે યુ.જી.સી.ધ્વારા ૧૨માં પ્લાન હેઠળ અલગ-અલગ ગ્રાન્ટમાં બિલ્ડીંગ બાંધકામ/રીનોવેશન વિ. માટે બિલ્ડીંગ ગ્રાન્ટ આપવામાં આવતી હોય છે અને આ માટે એક બિલ્ડીંગ સમિતિની રચના કરવાની હોય છે જેમાં યુનિવર્સિટીના એક પ્રતિનિધિનું નામ અત્રેથી સૂચવવાનું હોય છે. જે સંદર્ભમાં માન.કુલપતિશ્રીના આદેશાનુસાર **યુ.જી.સી.૧૨માં પ્લાનની દરેક પ્રકારની બિલ્ડીંગ ગ્રાન્ટ માટે બિલ્ડીંગ સમિતિમાં યુનિ. એન્જીનિયરશ્રીનું નામ સૂચવવામાં આવે છે જેની નોંધ લઈ હવે પછીથી બિનજરૂરી પત્ર વ્યવહાર ટાળી આ બાબતે તેઓશ્રી(યુનિ. એન્જીનિયરશ્રી, એસ્ટેટ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી નરવંગપુરા, અમદાવાદ-૯)નો સીધો જ સંપર્ક કરવા વિનંતી છે, તેઓશ્રીનો ફોન નં.(૦૭૯) ૨૬૩૦૧૩૩૩ છે.**

વધુમાં જણાવવાનું કે બાંધકામ સમિતિ તેમજ બાંધકામ વેરીફીકેશન સમિતિના સભ્યો જ્યારે પણ કોલેજની મુલાકાત લેશે ત્યારે તેઓએ યુનિ. એ નિયત કરેલ એજન્સીની કારમાં જ ટ્રાવેલ કરવાનું રહેશે અને એજન્સી તરફથી નિયત ધારા-ધોરણ મુજબ રજૂ થયેલ બિલ જે તે કોલેજે ચુકવવાનું રહેશે, જે વિદિત થાય.

કા.કુલસચિવ વતી

નકલ રવાના: યુનિ.એન્જીનિયરશ્રી,એસ્ટેટ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ-૯